સાથે ઊતર્યા. ત્યાં એમને ચાપાણી આપીને કોમટી ચેટ્ટી સ્ટ્રીટમાં શંકર ચેટ્ટીને ઘેર લઇ ગયા. ત્યાં શ્રી અરવિન્દ ઑક્ટોબર ૧૯૧૦ સુધી રહ્યા.

... ...

ત્રિચિનાપલ્લીની પાસેના કોડાઇલમ્ના જમીનદાર કે. વી. રંગસ્વામી આયંગર પોંડિચેરીમાં શ્રી અરવિન્દને શોધતા આવ્યા હતા. તેનું કારણ, એમના કુટુંબના ગુરુ 'નાગઈ જમ્મા' નામે એક યોગી હતા. તેમણે પોતાનો અંતકાળ નજીક જણાવી શિષ્યો અને ભક્તોને મળવા માટે બોલાવ્યા હતા. કે. વી. રંગસ્વામીએ પોતે કોની પાસેથી આધ્યાત્મિક પ્રગતિ માટે સહાય લેવી એવો સવાલ એમને કર્યો. એના ઉત્તરમાં થોડો વખત મૌન રહીને તેમણે જણાવ્યું કે એક મહાયોગી ઉત્તર દિશામાંથી આવશે. તેની મદદ લેવી. પણ એમ તો ઉત્તરમાંથી ઘણા યોગીઓ દક્ષિણમાં આવે એટલે આ યોગીને કેવી રીતે ઓળખવા એવો પ્રશ્ન પૂછ્યો. તેના જવાબમાં થોડી વાર રહીને એમણે જણાવ્યું કે ઉત્તરમાંથી તે આવશે એ ખરું - પણ દક્ષિણમાં આશ્રયસ્થાન માટે કોઈ મુશ્કેલીને લીધે આવશે. અને આવતાં પહેલાં એ ત્રણ બાબતોની જાહેરાત કરશે.

જયારે શ્રી અરવિન્દ સાધના માટે ચંદ્રનગરથી પોંડિચેરી આવ્યા છે એમ કે. વી. રંગસ્વામી આયંગરે જાણ્યું ત્યારે આશ્રય માટે રાજકીય કાર્યમાંથી નિવૃત થઈએ તેઓ આવે છે એ નિશાન મળ્યું. એટલું જ નહિ પરંતુ જયારે અલીપુર કેસ ચાલતો હતો ત્યારે કચેરીમાં રજૂ થયેલા મૃણાલિનીને લખેલા ત્રણ પત્રોમાંના એકમાં શ્રી અરવિન્દે 'મારામાં ત્રણ પ્રકારનું પાગલપણું - ઘેલછા - છે' એમ જણાવ્યું હતું. તે પત્ર જાહેર થયો હતો અને છાપાઓમાં પણ પ્રગટ થયો હતો. એટલે કે. વી. રંગસ્વામીને શ્રી અરવિન્દ એ જ નાગઈ જમ્માએ કહેલા યોગી છે એવી પ્રતીતિ થઇ.

... ...

શ્રી અરવિન્દ જીવન - અંબાલાલ પુરાણી.

પૃ ૧૬૧-૧૬૫

From: Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆ 0413-2331470
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી-૨ ✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ ● April 2023
https://themothersprosperity.org

Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

2023
APRIL
૧ એપ્રિલ, ૨૦૨૩

– Sri Aurobindo's Arrival in Pondicherry –
– શ્રી અરવિન્દનું પોંડિચેરીમાં આગમન –

O Lord, my adoration rises ardently to Thee, all my being is an aspiration, a flame consecrated to Thee.

Lord, Lord, my sweet Master, it is Thou who livest and willest in me!

This body is Thy instrument; this will is Thy servant; this intelligence is Thy tool; and the whole being is only Thyself.

– The Mother

Prayers and Meditations
4 April 1914

હે પ્રભુ, મારી આરાધના તારા પ્રતિ આર્તભાવે ઉપર ચડી રહી છે, મારું સમગ્ર સ્વરૂપ તને સમર્પિત થયેલું એક અભીપ્સારૂપ, એક જ્યોતિરૂપ બની ગયું છે.

હે પ્રભુ, પ્રભુ, મારા મધુર સ્વામી, તું જ મારી ભીતરમાં જીવી રહ્યો છે અને સંકલ્પ કરી રહ્યો છે.

આ શરીર તારું કરણ છે; આ સંકલ્પશક્તિ તારી સેવક છે; આ બુદ્ધિ તારું હથિયાર છે; અને આખું સ્વરૂપ એ તું જ છે.

– શ્રી માતાજી

પ્રાર્થનાઓ અને ધ્યાન
૪ એપ્રિલ ૧૯૧૪

... ...

Moni, as we have said, arrived in Pondicherry on 31 March, 1910. He met Srinivasachari and informed him that Sri Aurobindo was expected to arrive on 4 April. But Srinivasachari and others did not trust him. They thought it most improbable that Sri Aurobindo should elect to come to a place as far south as Pondicherry, instead of to another place nearer to Bengal. Moni pressed upon them the need of a house, but they were not keen on it. At last, on the day of arrival, Moni asked them to arrange for a house in advance. They said they would manage to put Sri Aurobindo up – when he came. All along, they suspected that Moni was a spy. But, in case Sri Aurobindo actually did come, they said they would give him a public reception. Moni argued with them and, in the end, prevailed upon them to drop such an idea, as Sri Aurobindo was coming secretly and wanted to remain in seclusion. Moni, Srinivasachari and Bharati went to the port to receive Sri Aurobindo. The steamer arrived at Pondicherry at four o'clock on 4 April 1910. After tea Sri Aurobindo was taken to the house of Shanker Chetty in Comty Chetty Street. Sri Aurobindo remained there till October as the guest of Shanker Chetty.

... ...

K. V. Rangaswamy Iyengar, the zamindar of Kodailam met Sri Aurobindo for the first time in Shanker Chetty's house. He had come looking for Sri Aurobindo for the following reason. He had known a Yogi named Negai Japata, who had been the guru of his family. When the time of his death was near this Yogi called his devotees to him. K.V.R Iyengar asked him about the spiritual guide he must take for his future progress. The Yogi remained quiet for a time and then said that a great Yogi would come from the North whose help he could take. Iyengar then asked him how he would recognise that particular great Yogi, as so many yogis came to the South from the North. Japata replied that the great Yogi would come seeking refuge in the South, and he would make a declaration of three things before his arrival.

When K.V.R. Iyengar came to know that Sri Aurobindo has come to Pondicherry and retired from politics, he had one clue for identifying him as the "Yogi from the North" – Uttar Yogi – about whom Nagai Japata had spoken. Moreover, one of the letters of Sri Aurobindo to Mrinalini Devi that were produced in the Alipore court, contained a statement of "three madnesses" that were a part of Sri Aurobindo's personality. This was understood to be the declaration of the "three things" that had been predicted by the Yogi.

... ...

THE LIFE OF SRI AUROBINDO By A B Purani.
P. 141-144 – fourth Impression 2001, Fully Revised Ed. 1978

... ...

૧૯૧૦ ૩૧મી માર્ચ – સુરેશ ચક્રવર્તી-મોની પોંડિચેરી પહોંચી ગયા. શ્રીનિવાસાચારીને મળ્યા અને શ્રી અરવિન્દના આવવાના સમાચાર આપ્યા. કવિ સુબ્રહ્મણ્ય ભારતી, શ્રીનિવાસાચારી વગેરેએ મોનીને છૂપી પોલીસના માણસ તરીકે ગણ્યા પણ એને કાંઈ જણાવ્યું નહિ, કારણ કે શ્રી અરવિન્દ છેક બંગાળથી પોંડિચેરી આવે એ એમના માનવામાં ન આવ્યું. એટલે મોનીએ ચાર-પાંચ વખત ઘર રાખવાનો આગ્રહ કર્યો તેનો પણ તે લોકોએ અમલ કર્યો નહિ ! મનમાં એમ ખરું કે શ્રી અરવિન્દ તે દિવસે ન આવે તો મોનીને મારી મારીને ખોખરો કરવો ! છેલ્લે દિવસે એટલે કે ૪થી તારીખે મોનીએ જણાવ્યું કે શ્રી અરવિંદ આવશે અને તમે તો ઘરની કાંઈ ગોઠવણ કરી નથી તે ક્યાં ઊતરશે ! ત્યારે એમણે જણાવ્યું કે આવશે ત્યારે વ્યવસ્થા થઇ રહેશે. શ્રીનિવાસાચારી વગેરેનો વિચાર શ્રી અરવિન્દ જો આવે તો તેમનું જાહેર સ્વાગત કરવાનો હતો. પરંતુ મોનીએ એમને સમજાવ્યાથી એ વિચાર પડતો મૂક્યો. ચાર વાગે સ્ટીમર આવી. મોની, શ્રીનિવાસાચારી, ભારતી વગેરે શ્રી અરવિન્દને લેવાને બંદર પર ગયા હતા. શ્રી અરવિન્દ અને બિજય બે ટ્રંકો